# કૃષિ મહાવિદ્યાલય, આણંદ કૃષિ યુનિવર્સીટી, જબુગામ દ્વારા કૃષિ અને તેના સંલગ્ન અભ્યાસક્રમની માહિતી આપતો કારકિર્દી સેમિનાર યોજાયો

આણંદ કૃષિ યુનિવર્સીટી દ્વારા ચાલી રહેલા કૃષિ તેમજ તેને સંલગ્ન ધોરણ ૧૨ પછીના સ્નાતક કક્ષાના અને ધોરણ ૧૦ પછીના ડીપ્લોમાં કક્ષાના અભ્યાસક્રમો વિશે માહિતગાર કરવા કૃષિ મહાવિધાલય, આકૃયું, જબુગામ દ્વારા કારકિર્દી સેમીનાર આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં અગ્રીકલ્ચર કોલેજ, જબુગામના સહ પ્રાધ્યાપક ડૉ. જી. એલ. કદમ અને મદદનીશ પ્રાધ્યાપક ડૉ. એચ. ડી. રહેવરની કામગીરી હેઠળ છોટાઉદેપુરના બોડેલી તાલુકામાં આવેલી શેઠ એચ. એચ. શીરોલાવાલા હાઈસ્કુલ અને સેફાયર પબ્લિક સ્કુલ માં અભ્યાસ કરતા ધોરણ ૧૦ અને ૧૨ ના ૨૨૦ જેટલા વિધાર્થી અને વિધાર્થીનીઓ માટે તાજેતરમાં કારકિર્દી બાબતે માર્ગદશન આપવામાં આવ્યું હતું. આણંદ કૃષિ યુનિવર્સીટી દ્વારા ચાલતા કૃષિ, બાગાયત, એગ્રીકલ્ચર ઈન્ફોર્મેશન ટેકનોલોજી, ફૂડ ટેકનોલોજી અને એગ્રી એન્જિનીયરીંગ જેવા વિવિધ સ્નાતક અને ડીપ્લોમા કક્ષાના એડમીશન પક્રિયા અંગે તેમજ જેતે અભ્યાસક્રમ પૂર્ણ થયા બાદ રોજગારીની તકો અંગે તથા પ્રવર્તમાન સમયમાં આ અભ્યાસક્રની અગત્યતા અંગે સંપૂર્ણ માહિતી આપવામાં આવી. આ કાર્યક્રમનું સફળ આયોજન બોડેલી તાલુકાની શાળાઓના આચાર્ય શ્રી સુરેશભાઇ પટેલ અને શ્રી રાહુલ ઇસ્રાની તથા અગ્રીકલ્ચર કોલેજ, જબુગામના આચાર્ય ડૉ. જે. બી. પટેલ ના સંયુક્ત પ્રયાસો દ્વારા આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ના કુલપતિ શ્રી ડૉ. કે. બી. કથીરિયાના માર્ગદશન હેઠળ કરવામાં આવ્યુ હતું.

